




કમલમ્,

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે શહેર પોલીસ કમિશ્નરશ્રી જી.એસ.મલિકની અધ્યક્ષતામાં આઇ.પી.એસ. પ્રોબેશનર બેચ ૭૬ ઇઇ(રેગ્યુલર રિક્રુટ)નો સંવાદ કાર્યક્રમ યોજાયો હતો. અમદાવાદ શહેર ખાતે સરદાર વલ્લભભાઈ પટેલ નેશનલ પોલીસ એકેડમી, હૈદરાબાદથી ફેઝ ૨ની તાલીમ દરમિયાન આવેલ આઇ.પી.એસ. પ્રોબેશનર બેચ ૭૬ ઇઇના ૧૮૬ પોલીસ અધિકારીશ્રીઓએ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર કચેરીની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન પ્રોબેશનર બેચના અધિકારીશ્રીઓએ અમદાવાદ શહેર પોલીસ કમાન્ડ એન્ડ કંટ્રોલ રૂમની મુલાકાત લીધી હતી. ઉપરાંત, પ્રોબેશનર બેચના અધિકારીશ્રીઓ સાથે ગુજરાતની વિશેષતા એવી રથયાત્રાના બંદોબસ્ત અંગે, સાઇબર ક્રાઇમ બ્રાન્ચ દ્વારા કરવામાં આવેલ નોંધપાત્ર તપાસ અંગેની વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. આઇ.પી.એસ. પ્રોબેશનર બેચ ૭૬ ઇઇના તમામ ૧૮૬ પોલીસ અધિકારીશ્રીઓએ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર જી.એસ.મલિકની સાથે શુભેચ્છા મુલાકાત પણ કરી હતી.

# જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, વડોદરા દ્વારા ‘મતદાર યાદી સુધારણા’ સેમિનાર યોજાયો

## ઝોનવાર સેમિનારમાં વડોદરા સહિત છ જિલ્લાના ધારાસભ્યશ્રીઓએ ઉપસ્થિત રહીને સૂચનો કર્યા

કમલમ્,વડોદરા,

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર ડો. અનિલ ધામેલિયાની અધ્યક્ષતામાં સરકીટ હાઉસ ખાતે વડોદરા સહિત છ જિલ્લાના ધારાસભ્યશ્રીઓ માટે ‘મતદાર યાદી સુધારણા’ અંગે સેમિનાર યોજાયો હતો. જેમાં વડોદરા, છોટા ઉદેપુર, ભરૂચ, નર્મદા, પંચમહાલ અને દાહોદ જિલ્લાના ધારાસભ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ સેમિનારમાં ધારાસભ્યશ્રીઓએ પોતાના વિધાનસભા મત વિસ્તારના વિવિધ સૂચનો કર્યા હતા. પ્રાસંગિક ઉદબોધન વેળા વડોદરાના જિલ્લાચૂંટણી અધિકારી અને કલેક્ટર ડો. અનિલ ધામેલિયાએ જણાવ્યું હતું કે, આ સેમિનારથી મતદાર યાદી સુધારણા સંદર્ભે જનપ્રતિનિધિઓના લોકસંપર્ક અનેઅનુભવનો સહકાર મળવાથી કામગીરીની અસરકારકતામાંવધારો થશે.

આ વિષય પર જનપ્રતિનિધિઓ સાથે વિસ્તૃત ચર્ચા-વિચારણા અને રચનાત્મક સૂચનો દ્વારા મતદારોના પ્રશ્નોના નિકાલ અંગે ઉકેલના વધારે રસ્તાઓ મળશે, તેમ ડો. અનિલ ધામેલિયાએ ઉમેર્યું હતું. મતદાર યાદીસુધારણાઅંગેના સેમિનારમાં ધારાસભ્યશ્રીઓએ મતદાર યાદી અને મતદાન મથક સંદર્ભે રજૂ કરવામાં આવેલા પ્રશ્નો અંગે હકારાત્મક વલણ દાખવીને જિલ્લા ચૂંટણીઅધિકારીઅને કલેક્ટર ડો. અનિલ ધામેલિયાએ ધારાસભ્યશ્રીઓને ચૂંટણી પંચની જોગવાઈઓથી માહિતગાર કર્યા હતાતેમજ તેમનાપ્રશ્નોનું વૈધાનિક જોગવાઈઓની મર્યાદામાં યોગ્ય ઉકેલલાવવામાટે સંનિષ્ઠ પ્રયાસેની ખાતરી આપી હતી. મતદાર યાદી સુધારણા સંબંધિત પ્રશ્નોના નિરાકરણ માટેના તમામ સૂચનો પર કામ કરીશુંઅને ચૂંટણી પંચનું ધ્યાન દોરીશુ, તેમ ડો. અનિલ



ધામેલિયાએ ઉમેર્યું હતું. વડોદરા જિલ્લાના માસ્ટર ટ્રેનર અધિકારી શ્રી દક્ષેશ મકવાણા દ્વારા ‘મતદાર યાદી’ તેમજ શ્રીવી. કે. સાંબડ દ્વારા ‘મતદાન મથક’ વિષય પર તમામ પાસાઓને આવરીને વિસ્તૃત અને ઝીણવટપૂર્વક માહિતી પ્રસ્તુતિકરણથી સમજાવવામાં આવી હતી. ચૂંટણી પંચનું માળખું, મતદાર યાદી અને મતદાન મથક સંદર્ભે કાયદાકીય જોગવાઈઓ, અધિકારીઓની ભૂમિકા, જિલ્લા ચૂંટણી અધિકારી તંત્ર દ્વારા થતી કામગીરી તેમજ બુથ લેવલ ઓફિસર અને બુથ લેવલ એજન્ટ વચ્ચેના સંકલન અંગે ઊંડાણપૂર્વક સમજ આપવામાં આવી હતી. મહત્વનું છે કે, મુખ્ય ચૂંટણી અધિકારીશ્રીના પત્રથી જાહેર હિસાબ સમિતિની બેઠકની ભલામણ અનુસાર ધારાસભ્યશ્રીઓને મતદારયાદી સુધારણા અંગે જરૂરી માહિતીથી અવગત કરવા માટે ઝોનવાર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

# વિરમગામ વિધાનસભામાં દરેક સમાજનું સામાજિક અને શૈક્ષણિક ઉત્થાન થાય તે માટે હું હંમેશા કાર્ય કરું છું: ધારાસભ્ય હાર્દિક પટેલ

## ૪૮ કમીજલા કોળી પટેલ સમાજ સંચાલિત કન્યા છાત્રાલયમાં ૧૦ લાખ રૂપિયાના ખર્ચે ૨૦ કિલો વોલ્ટની સોલર પેનલના કામનું ધારાસભ્ય હાર્દિક પટેલના વરદ હસ્તે ભુમિ પૂજન કરાયું



કમલમ્,વિરમગામ

વિરમગામ તાલુકાના નળકાંઠા વિસ્તારમાં ૪૮ કમીજલા કોળી પટેલ સમાજ સંચાલિત કન્યા છાત્રાલયમાં ધારાસભ્ય હાર્દિક પટેલ તરફથી ૧૦ લાખ રૂપિયાના ખર્ચે ૨૦ કિલો વૉલ્ટની સોલર પેનલના કામનું રવિવારે ધારાસભ્ય હાર્દિક પટેલના વરદ હસ્તે ભુમિ પૂજન કરવામાં આવ્યું હતું. આ સોલર પેનલના કામનું ધારાસભ્ય હાર્દિક પટેલના જન્મદિવસ નિમિત્તે ૨૦ જુલાઈના રોજ લોકાર્પણ કરવામાં આવશે. ધારાસભ્ય હાર્દિક પટેલે કહ્યું કે આ સોલર પેનલ લાગવાથી કોળી પટેલ સમાજને દર મહિને વીજ બિલની રાહત થશે અને ૩૦-૪૦ હજાર રૂપિયાની બચત થશે, આ રકમ સંસ્થાને અન્ય કાર્યોમાં ઉપયોગી થશે. હાર્દિકભાઈ પટેલ ધારાસભ્ય નહતા ત્યારે પણ બહુચરાજીમાંસ્થિત ૧૬ ગામ સોલંકી રાજપૂત સમાજની મહિલા છાત્રાલયમાં પણ ૫ લાખ રૂપિયાની સોલર પેનલ લગાવી આપી હતી. આ પ્રસંગે સમાજના આગેવાનો, સંસ્થા ટ્રસ્ટીઓ, કન્યા છાત્રાઓ તેમજ તેમના વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# માણસા તાલુકાના “ જય અંબે ફાર્મ” ખાતે શ્રી ભરતભાઇ પટેલના પ્રાકૃતિક કૃષિ ફાર્મની મુલાકાત લેતાં જિલ્લા કલેક્ટર શ્રી મેહુલ કે.દવે

## કલેક્ટર શ્રી ગાંધીનગર મેહુલ કે. દવે દ્વારા દહેગામ, માણસા, કલોલ અને ગાંધીનગર એમ ચાર તાલુકામાં અત્યાર સુધીમાં આ અગિયારમા પ્રાકૃતિક કૃષિ ફાર્મની મુલાકાત



## કલેક્ટર શ્રી દ્વારા પ્રાકૃતિક કૃષિ નો વ્યાપ વધારવા સાથે, ગ્રામજનોમાં એકતા વધારવા અને આપણી સભ્યતા, સંસ્કૃતિના રક્ષણ માટે પણ અનુરોધ કરવામાં આવ્યો

કમલમ્,

દરેક ઘરમાં શ્લોકોનું ગાન થાય, બાળકોમાં સંસ્કાર સિંચન થાય, તથા બાળકો વડીલોના ચરણસ્પર્શ કરીને જ ઘર બહાર નીકળે તેવું વાતાવરણ ઊભું કરવા ગ્રામજનોને કલેક્ટર શ્રી દ્વારા અપીલ પ્રાકૃતિક ખેતી પદ્ધતિ આપણા દેશની આવશ્યકતા છે, વર્તમાન સમયની માંગ છે, અને ભાવિ પેઢીની જરૂરિયાત છે, આ વાત વારંવાર આપણા રાજ્યપાલ શ્રી આચાર્ય દેવ્રતજી દ્વારા વિવિધ મંચના માધ્યમો થકી જનતા સુધી પહોંચાડવામાં આવીરહી છે. ત્યારે ગાંધીનગર જિલ્લામાંપણ પ્રાકૃતિક કૃષિ નો વ્યાપવધે અને ગાંધીનગર જિલ્લો પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રે આગળ રહે તે માટે જિલ્લા કલેકટરશ્રી મેહુલ કે. દવે દ્વારા પણ વારંવાર પ્રેરણા પ્રવાસો દ્વારા પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂતોનાફાર્મ પર જઈ સ્થળ મુલાકાતો કરી અન્ય ખેડૂતોને પ્રાકૃતિક કૃષિમાં જોડવાનું કાર્ય કરવા સાથે જે ખેડૂતો પહેલેથીજ પ્રાકૃતિક કૃષિ અપનાવી ચૂક્યા છે, તમને બિરદાવાનુંપણ કાર્યકરવામાં આવી રહ્યુંછે. જેનાપરિણામે ગાંધીનગર જિલ્લામાં મોટાભાગના ખેડૂતો પ્રાકૃતિક કૃષિ તરફ વળી રહ્યા છે. આવા પ્રેરણા પ્રવાસ અંતર્ગત પાકૃતિક કૃષિનાવ્યાપ વધેતે હેતુથી આત્મા યોજના અંતર્ગત ગોઠવવામાં આવેલ કિસાન ગોષ્ઠી અંતર્ગત આજે તા.૦૫/૦૭/૨૦૨૫ ના રોજ જિલ્લા કલેકટરશ્રી મેહુલ કે. દવે દ્વારા માણસા તાલુકાના ના“જય અંબે ફાર્મ” ખાતે શ્રી ભરતભાઈ પટેલના પ્રાકૃતિક કૃષિ ફાર્મની મુલાકાત લીધી હતી. “ જય અંબે ફાર્મ” તૈયાર કરનાર ખેડૂત શ્રી ભરતભાઈ પટેલ છેલ્લા બે વર્ષથી પાકૃતિક કૃષિ કરી રહ્યા છે, તેમજ તેમનાદ્વારા કેવીરીતે ખુબ જ ઓછા ખર્ચથીપ્રાકૃતિક કૃષિકરવામાંઆવી રહી છે તેના વિશે તમામ ખેડૂતોને વિગતવાર માહિતી આપવામાં આવી હતી. ત્યારબાદ ખેડૂત મિત્ર તથા કૃષિ સખી દ્વારા આત્મા યોજનાતથા ગુજરાતપ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડયોજના હેઠળ પ્રાકૃતિક કૃષિ ને લગતા વિવિધ સહાયલક્ષી યોજના વિશે ખેડૂતોને માહિતગાર કરવામાંઆવ્યા હતાં. પ્રાકૃતિક કૃષિ ફાર્મની મુલાકાત દરમિયાન જિલ્લામાંપ્રાકૃતિક કૃષિનોવ્યાપ વધે તે માટે કલેક્ટરશ્રી ગાંધીનગર મેહુલ કે. દવે દ્વારા ખેડૂતોને માર્ગદર્શન તેમજ પ્રોત્સાહન આપવામાં આવ્યુ હતું.તેમજ આ મુલાકાત અંતર્ગત આપણો સાંસ્કૃતિક વારસો જળવાય તે માટે નાદરી તથા આસપાસના ગામના ખેડૂતોને એક પારિવારિક ભાવના ઉભીથાય તેવાપ્રયત્ન કરી,ગ્રામજનો સાથે પોતિકાપણું અનુભવાય તેવા સબંધો સ્થાપવા જણાવ્યુ હતું. સંસ્કારઅને સંસ્કૃતિનાજતન માટે કલેકટર શ્રીએ વધુંમાંજણાવ્યું હતું કે, ઘરમાં તમામ સભ્યો દિવસમાં એક વખતભોજન સાથેલે, પોતાના દિકરા-દિકરીઓસાથેવધુવાતચિત કરે- તેમની સાથે વધુસમય વિતાવે, ઘરમાંરોજ શ્લોકબોલાય, દિકરા-દિકરીઓરોજ સવારે ઘરેથી બહાર નિકળે ત્યારે મા-બાપ વડિલોના ચરણ સ્પર્શકરે... વગેરે જેવા નિત્ય સારા કામોની શરૂઆત કરે તેવી અપિલ પણ કરી હતી. કલેકટર શ્રી ગાંધીનગર મેહુલ કે. દવે દ્વારા દહેગામ, માણસા, કલોલ અને ગાંધીનગર એમ ચાર તાલુકામાં અત્યાર સુધીમાં આ અગિયારમા પ્રાકૃતિક કૃષિફાર્મની મુલાકાત છે. આ મુલાકાત દરમિયાન પ્રાકૃતિક કૃષિના મોડલ ફાર્મમાં કરવામાં આવતી પ્રાકૃતિક ખેતી નિહાળી કલેક્ટરશ્રીએ ખેડૂતનાઆ પ્રયાસની ખુબ પ્રશંસા કરતા કહ્યું કે, આ પ્રયાસથી ધરતીમાં ની ફળદ્રુપતા વધશે અને તેમની ખેતી ખર્ચમાં ઘટાડો થશે અને આવકમાં વધારો થશે.”તદુપરાંતહાજર રહેલ તમામ ખેડૂતો સાથેના સીધા સંવાદ બાદ આપણી ભારતીય સંસ્કૃતિ મુજબ સૌપકૃતિ તરફ પાછા વળેતથા તેની પ્રથમ શરૂઆત પ્રાકૃતિક કૃષિ અપનાવી ને આગળ વધે તેવી આશા વ્યક્ત કરી હતી. ત્યારબાદ આમજા ગામે જઈ ગામલોકો સાથે વાર્તાલાપકરી તેમના પ્રશ્નો સાંભળ્યા હતા.

અને આ પ્રશ્નોનો સત્વરે હકારાત્મક નિકાલ કરવા હાજર અધિકારીશ્રીઓ સૂચના આપતા,તલાટી શ્રીના દફતરનું નિરીક્ષણ કરી જરૂરી સૂચનો પણ આપી હતી. પ્રાકૃતિક ફાર્મની આ મુલાકાત અંતર્ગત તાલુકા વિકાસ અધિકારીશ્રી, મામલતદારશ્રી, મા.જી. જિલ્લા સદસ્યશ્રી જયેશભાઈ ચૌધરી, વિસ્તરણ અધિકારીશ્રી, ગ્રામ સેવકશ્રી, તેમજ આત્મા યોજના અને ગુ.પ્રા.કૃ.વિ.બોર્ડ ના ગાંધીનગર જિલ્લાના સ્ટાફ તેમજ આજુબાજુના નાના-મોટા ૫ ગામના ૮૦ થી વધારે ખેડૂત ભાઈઓ-બહેનો હાજરરહ્યા હતાં.

# પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી ‘પ્રધાનસેવક’ તરીકે જનકલ્યાણ અર્થે સતત કાર્યશીલ છે : કેન્દ્રીય મંત્રી શ્રી ડો. મનસુખભાઈ માંડવિયા

## ભાયાવદરમાં કેન્દ્રીય મંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને રૂ. ૧૦.૫૦ કરોડના વિકાસ કાર્યોના ઇ-ખાતમુહૂર્તનો કાર્યક્રમ યોજાયો

### રૂ. ૧૦.૫૦ કરોડમાં સમાવિષ્ટ ૧૪ વિકાસ કાર્યો

- સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત રૂ. ૩૫૦ લાખના ખર્ચે નવા ડેવલપ થયેલા વિસ્તારોને ભૂગર્ભ ગટર સાથે જોડવા.
- અમૃત ૨.૦ યોજના અન્વયે રૂ. ૨૨૫ લાખના ખર્ચે પી.વી.સી. પાઇપલાઇ, પમ્પિંગ મશીનરી સહિતની કામગીરી.
- સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ભીના અને સૂકા કચરા માટે સોલિડ વેસ્ટ પ્લાન્ટના જુદાજુદા કમ્પોનેન્ટ બનાવવા.
- સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત રૂ. ૭૦ લાખના ખર્ચે સી.સી. રોડ તથા પેવિંગ બ્લોક રોડ.
- સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત રૂ. ૭૦ લાખના ખર્ચે ટોયલેટ બ્લોક રીનોવેશન પાઇપ કલ્વર્ટ, વૃક્ષારોપણ.
- નાણાપંચ યોજના અન્વયે રૂ. ૩૧ લાખના ખર્ચે પેવિંગ બ્લોક રોડ તથા ટ્રીમિક્સ સાથે સી.સી. રોડ.
- નાણાપંચ યોજના અન્વયે રૂ. ૩૦ લાખના ખર્ચે પેવિંગ બ્લોક રોડ ફૂટપાથ તથા ટ્રીમિક્સ સાથે સી.સી. રોડ.
- નાણાપંચ યોજના અન્વયે રૂ. ૨૭ લાખના ખર્ચે પાણીનો ટાંકો, પાણીની લાઈન, ઈલેક્ટ્રીક રૂમ, રેઇન વોટર હાર્વેસ્ટિંગ તથા પીવાના પાણીનો બોર બનાવવો.
- સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત રૂ. ૨૩.૯૭ લાખના ખર્ચે સી.સી. રોડ રીસર્ફેસિંગ / રિપેરિંગ.
- સાંસદશ્રીની ગ્રાન્ટમાંથી રૂ. ૧૭.૭૩ લાખના ખર્ચે માંડાસણ રોડ પર કોઝવે બનાવવાનો ભાવ અને આંબેડકરનગરથી સિવિલ હોસ્પિટલ વચ્ચે કોઝવે બનવવાના કામ પેકિંગ બોક્સ કલ્વર્ટ બનાવવાનું કામ.
- સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજન અંતર્ગત રૂ. ૧૭.૦૬ લાખના ખર્ચે સરદાર પટેલ ચોક પાટીદાર પાનથી આશાપુરા મટીરીયલલ્સ સુધી સીસી રોડ સર્ફેસિંગ / રીપેરીંગ.
- સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત રૂ. ૧૫.૭૭ લાખના ખર્ચે આંબેડકર નગરથી સિવિલ હોસ્પિટલ વચ્ચે કોઝવે બનાવવાના કામ પૈકી રીટેઇનિંગ વોલ બનાવવી.
- સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત રૂ. ૧૩.૫૮ લાખના ખર્ચે લાખાભાઈ બગડાના ઘરથી ખાખીજાળીયા રોડ સુધી અને ગોકુલ સાયકલ સ્ટોર સામેની શેરીમાં સી.સી. રોડ રીપેરીંગ.
- ધારાસભ્યશ્રીની ગ્રાન્ટ માંથી રૂ. ૭.૬૮ લાખના ખર્ચે પીપળેશ્વર મંદિર પાસે કોઝવે તથા ખારાનેસ, વાવડીની વાવ નેસ, ઉગમણા નેસ વિસ્તારમાં પીવાના પાણીની મોટર, કેબલ અને પાઈપલાઈનનું કામ.



કમલમ્,

ભારત સરકારનાશ્રમ અને રોજગાર તથા યુવા બાબતો અને રમતગમત મંત્રી શ્રી ડો. મનસુખભાઈ માંડવિયાની અધ્યક્ષતામાં, રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકામાં આવેલા ભાયાવદરના સરદાર પટેલ સાંસ્કૃતિક ભવન ખાતે શહેરની પ્રાથમિક સુવિધા માટે રૂ. ૧૦.૫૦ કરોડના વિકાસ કાર્યોના ઈ-ખાતમુહૂર્તનો કાર્યક્રમ યોજાયો હતો. કેન્દ્રીય મંત્રી શ્રી ડો. મનસુખભાઈ માંડવિયાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારે રસ્તા, પાણી અને વીજળી જેવી પ્રાથમિક સુવિધાઓનો વિકાસ ઉપરાંત જનતાના હિતાર્થે સામાજિક દષ્ટિકોણથી પ્રગતિ પણ સાધી છે. સરકારે સામાન્ય જનતા પ્રત્યે સંવેદનશીલ અભિગમ દાખવીને તેમની જરૂરિયાત પ્રમાણે અને જીવન ધોરણ ઊંચુંલાવવા ઉપયોગી થાય એવી અનેક યોજનાઓ અમલી કરી છે. આમ, સરકારે વ્યક્તિના માનવીય, સામાજિક અને આર્થિક એમ સર્વાંગીવિકાસને ધ્યાને લીધો છે. મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી ’પ્રધાનસેવક’ તરીકે જનકલ્યાણ અર્થે સતત કાર્યશીલ છે. પ્રધાનમંત્રીશ્રીની દુરંદેશીતાના કારણે આપણો દેશ વિકસિત રાષ્ટ્ર બનવા સજ્જ થઈ રહ્યો છે. જનપ્રતિનિધિઓ જનતા સાથે ખભેખભે મિલાવીને તેમની પડખે રહે છે. ત્યારે લોકોની પણ નૈતિક ફરજ બને છે કે સરકાર સાથે જોડાઈને પોતાનું નગર હરિયાળું, સ્વચ્છ, સુંદર અને સુવિધાયુક્ત બનાવવામાં યોગદાન આપે. ઉપલેટાધોરાજીપંથકના ધારાસભ્ય શ્રી ડો. મહેન્દ્ર ભાઈ પાડલીયાએ જણાવ્યું હતું કે ભાયાવદર સુંદર શહેર તો છે જ, સાથેસાથે જાગૃત શહેર પણ છે. અહીંની પ્રજા સરકારના અભિયાનોને જનભાગીદારીથી સફળબનાવે છે. ગુજરાત સરકારે શહેરમાં અનેક વિકાસ પ્રકલ્પો પૂર્ણ કર્યા છે અને ઘણાં વિકાસ પ્રકલ્પો પ્રગતિ હેઠળ છે. વિકાસ કાર્યોના પરિણામે જનતાનો સરકાર પર વિશ્વાસ વધ્યો છે. આ કાર્યક્રમનો, મંચસ્થ મહેમાનશ્રીઓએ દીપ પ્રાગટ્યથી આરંભ કર્યો હતો. મહાનુભાવોનું પુસ્તક અને પુષ્પગુચ્છથી સ્વાગત કરાયું હતું.

નગરપાલિકાના સદસ્યો તથા રાજકીય અને સામાજિક અગ્રણીઓએ વિકાસકાર્યોની ભેટ આપવા બદલ કેન્દ્રીય મંત્રી શ્રી ડો. મનસુખભાઈ માંડવિયા અને ધારાસભ્ય શ્રી ડો. મહેન્દ્રભાઈ પાડલીયાને શાલ ઓઢાડીને તેમનું સન્માન કર્યું હતું. આ પ્રસંગે ભાયાવદર નગરપાલિકાપ્રમુખ શ્રી રેખાબેન સીણોજીયાએ શાબ્દિક અભિવાદન કર્યું હતું. સ્વામીનારાયણ ગુરુકુળના વિદ્યાર્થીઓએ સ્વાગતનૃત્ય પ્રસ્તુત કર્યું હતું. પ્રાદેશિક નગરપાલિકાઓના નિયામક શ્રી એમ. એસ. જાની તથા અગ્રણીઓએ પ્રસંગને અનુરૂપ પ્રવચન આપ્યુંહતું. નગરપાલિકાની બાંધકામ સમિતિના અધ્યક્ષ શ્રી સરજુભાઈ માકડિયાએ આભારવિધિ કરી હતી. આ તકે નવનિયુક્ત કલેકટર શ્રી ડો. ઓમ પ્રકાશ, મદદનીશપોલીસઅધિક્ષક શ્રી સીમરનબેન ભારદ્વાજ, પ્રાંત અધિકારીશ્રી એન. એમ. તરખાલા, ચીફ ઓફિસર શ્રી ડી. એન. કંડોરીયા, મામલતદાર શ્રી નિખિલભાઈ મહેતા સહિત અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.